અ.સ.પ.ક્રમાંક:એફપીડબલ્યુ-૧૦-૨૦૧૧-૩૫૧-બ.૧
નં :

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**
**ગુજરાત સરકાર**
**૭/૮, સરદાર પટેલ ભવન,**
**સચિવાલય,**
**ગાંધીનગર-૩૮૨ ૦૧૦.**
**તારીખ :** -૯-૨૦૧૧ 11 OCT 2011

सत्यमेव जयते

**પી. કે. તનેજા, આઇ.એ.એસ.**
**અગ્ર સચિવ (જાહેર આરોગ્ય)**

શ્રીમાન,

આપ શુ વિદિત હશો જ કે સમાજમાં ઘટતી જતી દિકરીઓની સંખ્યા દેશ અને રાજય માટે મોટી ચિંતાનો વિષય છે આ માટે મહામહીમ રાષ્ટ્રપતિશ્રી, માન.પ્રધાનમંત્રીશ્રી તેમજ મહામહીમ રાજયપાલશ્રીથી માન.મુખ્યમંત્રીશ્રી સુધીના સૌએ સંવેદના વ્યકત કરેલ છે. રાજયમાં સ્ત્રી ભ્રુણ હત્યા રોકવા ધી પીસી એન્ડ પીએનડીટી(પ્રોહીબીશન ઓફ સેકસ સીલેકશન) એકટ ૧૯૯૪નો કડક અમલ થઈ રહેલ છે, રાજય સરકારએ "બેટી વધાવો અભિયાન" હાથ ધરી, સમાજના તમામ વર્ગોનો સહકાર મેળવેલ છે, પરંતુ હજુ સુધી જોઈએ તેવા સારા પરિણામ મળેલ નથી. આથી વધુ સક્રીયતા દાખવી નક્કર કામગીરી હાથ ધરવી અનિવાર્ય બનેલ છે. રાજય સરકારએ "આપણો તાલુકા વાયબ્રન્ટ તાલુકો" એક નવો જ અભિગમ અમલમાં મુકી રાજયમાં વસતા છેવાડાના માનવીને ઝડપી અને નજીકમાં સેવાઓ પુરી પાડવાનો પ્રયાસ કરેલ છે. તદઉપરાંત તાલુકા કક્ષાએ જ આયોજન અને અમલીકરણ તેમજ વહીવટી પ્રક્રિયાને વિશેષ ગતિશીલ, અસરકારક પરિણામ લક્ષી, સરળ, પારદર્શી અને પ્રજાભિમુખ બનાવવાનો છે. તેના ભાગરૂપે રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગએ તા:૨/૯/૨૦૧૧ના જાહેરનામાથી ધી પીસી એન્ડ પીએનડીટી (પ્રોહીબીશન ઓફ સેકસ સીલેકશન) એકટ-૧૯૯૪ અંતર્ગત આપને સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી તરીકે જાહેર કરી, સ્ત્રી ભ્રુણ હત્યા રોકવાની કામગીરીમાં સામેલ કરેલ છે. ઉકત જાહેરનામાની નકલ આપને મોકલી આપવામાં આવેલ છે તમજ www.gujhealth.gov.in વેબસાઈટ ઉપર E-Citizen હેઠળ " GR and Notification"માં મુકવામાં આવેલ છે. આ બાબતે આપને તાંત્રિક રીતે મદદરૂપ થવા માટે આપના કાર્યક્ષેત્રના જે તે બ્લોક હેલ્થ ઓફીસના બ્લોક હેલ્થ ઓફીસર તથા બ્લોક એડવાઈઝરી કમિટી(પીએનડીટી)ની મદદ લઈ શકાશે.

આશા છે કે સરકારના "બેટી વધાવો અભિયાનને" સક્રીય રીતે મદદરૂપ થવા માટે આપનો સહકાર મળી રહે તેવી નક્કર કાર્યવાહી કરી, આપના વિસ્તારના તમામ રજીસ્ટર્ડ સેન્ટરોનું વેરીફીકેશન કરી, કાયદાનો ભંગ થતો હોય તો તેની સામે કાયદા અનુસાર કડક કાર્યવાહી કરવા આપ સૌ પ્રાંત અધિકારીશ્રીઓને મારી અપીલ છે.

સ્વાભાર સહ,

આપનો, સ્નેહાધીન

(પી.કે.તનેજા)

પ્રતિ,
સર્વે સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી(પીએનડીટી) કમ પ્રાંત અધિકારીશ્રી,
પ્રાંત કચેરી, ......................

**નકલ રવાના :**
સર્વે સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી(પીએનડીટી) કમ બ્લોક હેલ્થ ઓફીસરશ્રી,
બ્લોક હેલ્થ કચેરી.............. તરફ.. પ્રાંત અધિકારીશ્રીઓને ઉકત બાબતે તાંત્રિક રીતે મદદરૂપ થવા સારૂ.